# ચૂંટણીમાં ભલે હાર્યા પણ કોંગ્રેસ પાર્ટી ખરેખર જીતી

## કોંગ્રેસે સમગ્ર દેશને કોંગ્રેસની તાકાત બતાવી : ભાજપ પાસે સત્તા, પૈસો, તંત્ર અને ઉદ્યોગપતિઓની મદદ હતી અને કોંગ્રેસ પાસે સત્ય અને પ્રેમ હતા : રાહુલ ગાંધી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામોની સમીક્ષા અને મૂલ્યાંકન માટે ગુજરાતની મુલાકાતે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે અમદાવાદમાં કોંગ્રેસના હજારો કાર્યકરો અને ગુજરાતની જનતાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આપણે ચૂંટણીમાં ભલે હાર્યા પરંતુ કોંગ્રેસ પાર્ટીની ખરેખર જીત થઈ છે. જે પ્રકારે ગુજરાતની કોંગ્રેસે ભાજપને જોરદાર ટક્કર આપી તે પરથી ગુજરાત કોંગ્રેસે સમગ્ર દેશને કોંગ્રેસ પાર્ટીની તાકાત બતાવી દીધી કે, કોંગ્રેસ જો એકસાથે ઉભી થઈ જાય અને તેની આઈડીયોલોજી સાથે ચૂંટણી લડે તો કોંગ્રેસ હારતી નથી, જીતે જ છે. રાહુલ ગાંધીએ ગુજરાતના પરિણામોમાં કોંગ્રેસ પાર્ટીના દેખાવ અને ભાજપને ટક્કર આપવાના ગુજરાત કોંગ્રેસના જુસ્સાના ભારોભાર વખાણ કર્યા



હતા. રાહુલે ઉમેર્યુ હતું કે, ભાજપ ચૂંટણી એટલા માટે જીતી શકી કારણ કે, તેની પાસે સત્તા, પૈસો, તંત્ર અને ઉદ્યોગપતિઓની મદદ હતી અને કોંગ્રેસ પાસે માત્ર સત્ય અને પ્રેમ હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોંગ્રેસના પાયાના કાર્યકરોથી માંડી ટોચના નેતાઓનો ઉત્સાહ વધારતાં વધુમાં જણાવ્યું હતું કે, તમને બધાને ખૂબ ખૂબ અભિનંદન કારણ કે, આ વખતની ગુજરાતવ વિધાનસભાની ચૂંટણીમાં તમે સૌ જોરદાર રીતે લડયા અને ભાજપને જબરદસ્ત ટકકર આપી. કોંગ્રેસની કામગીરી એકંદરે સારી રહી. તો, ભાજપને આપણે ગુજરાતની જનતાના મુદ્દા આધારિત સવાલો પૂછયા પરંતુ મોદીજી કે ભાજપ તેના જવાબો આપી શકયા નહી અને ચૂંટણીમાં કોંગ્રેસની જ અને મોદીજીએ પોતાની વાતો જ કર્યે રાખી. કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓએ ભાજપના વિકાસ અને મોદી મોડેલની પોલ ખોલી નાંખી. ચાર મહિનાથી હું ગુજરાતમાં હતો અને ત્યારે ભાજપ એમ કહેતું હતું કે, કોંગ્રેસની ૨૦-૨૫ બેઠકો આવશે પરંતુ ગુજરાતની કોંગ્રેસે સમગ્ર દેશને બતાવી દીધું કે, કોંગ્રેસ જો એકસાથે ઉભી થઈ જાય અને તેની આઈડીયોલોજી સાથે ચૂંટણી લડે તો કોંગ્રેસ હારતી નથી, જીતે જ છે. આપણે ઉભા થઈ ગયા અને સાબિત કરી દીધું કે, કોંગ્રેસ પ્રેમથી લડે છે અને ચૂંટણી જીતી શકે છે. રાહુલ ગાંધીએ એ મુદ્દે ખાસ ધ્યાન દોર્યું હતું કે, આ વખતે વિધાનસભામાં કોંગ્રેસની નવી લીડરશીપ તૈયાર થઈ છે અને તે ગુજરાતની આગામી વિધાનસભા ચૂંટણી લડશે અને ત્યારે કોંગ્રેસની ૧૩૫ બેઠકો આવશે. તેમણે કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યોને શીખ આપતાં જણાવ્યું કે, કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યો કોંગ્રેસના એમ્બેસેડર છે અને તેમને જનતા જોઈ રહી છે, તેથી તેમણે ગુજરાતની જનતાને બતાવવાનું છે કે, કોંગ્રેસના ધારાસભ્યો પ્રજાના મુદ્દા માટે લડે છે અને કયારેય પાછા નથી હટતા. તેમણે ભાજપ સામેની સત્ય-પ્રેમની લડાઈ જારી રાખવા પણ હજારો કાર્યકર્તાઓને હાકલ કરી હતી. પોતાના વકત્વયના અંતમાં રાહુલે ઉદારતાપૂર્વક અને નિખાલસપણે ભાજપ અને તેના નેતાઓને આ ચૂંટણીમાં વિજય મેળવવા બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા.



### રાહુલે એક હિન્દુ તરીકે સોમનાથના દર્શન કર્યા

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ વખતે સોમનાથ મહાદેવના હિન્દુ તરીકે દર્શન કર્યા હતા. રાહુલ ગાંધીએ બિન હિન્દુના રજિસ્ટરમાં એન્ટ્રી કર્યા વિના સીધા જ મંદિરમાં પ્રવેશ મેળવી સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા અને દેવાધિદેવ મહાદેવને જળાભિષેક કરી, પૂજા-અર્ચના કર્યા હતા અને સોમનાથ દાદાના આશીર્વાદ મેળવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગત તા. ૨૯મી નવેમ્બરે રાહુલ ગાંધીએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા ત્યારે તેમણે મંદિરના ટ્રસ્ટના નિયમ મુજબ, બિન હિન્દુએ રજિસ્ટરમાં એન્ટ્રી ફરજિયાત કરવી પડતી હોઈ રાહુલની એન્ટ્રી પણ રજિસ્ટરમાં થઈ હતી, જેને લઈ ભારે વિવાદ જાગ્યો હતો. બાદમાં કોંગ્રેસ પક્ષ તરફથી સ્પષ્ટતા કરાઈ હતી કે, રાહુલ જનોઈધારી બ્રાહ્મણ છે. તેથી આ વખતે રાહુલે સોમનાથ મંદિરમાં સીધા જ પ્રવેશ કરી સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા.

## રાહુલે ચૂંટણીમાં કોંગ્રેસના પરિણામોની કરેલી પ્રશંસા

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ફરી એક વખત ગુજરાતની મુલાકાતે આવ્યા હતા અને સીધા સોમનાથ મહાદેવના દર્શન કરવા પહોંચ્યા હતા. રાહુલ ગાંધીએ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના હોદ્દેદારો અને આગેવાનો સાથે ચર્ચા બેઠક યોજી હતી અને તેમના મંતવ્યો-અભિપ્રાયો જાણ્યા હતા. તો સાથે સાથે રાહુલે કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના આગેવાનો સાથે પણ વન ટુ વન બેઠક યોજી તેમના સૂચનો અને રજૂઆત સાંભળ્યા હતા.

કોંગ્રેસની ચિંતન શિબિર પૂર્ણ થયા બાદ તેમાં થયેલી ચર્ચા વિચારણા, સમીક્ષા અને મનોમંથનની સ્થિતિ અંગે રાહુલ ગાંધી પોતે જાતમાહિતી મેળવી હતી અને પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવા અને ભવિષ્યની રણનીતિ સંદર્ભે જરૂરી સૂચના પણ ગુજરાત કોંગ્રેસના નેતાઓને આપી હતી. રાહુલ ગાંધીએ ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષ બાદ કોંગ્રેસનો જોરદાર અને ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ પક્ષના આગેવાનોથી માંડી પાયાના કાર્યકરોની પણ પ્રશંસા કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. રાહુલે કોંગ્રેસના ચૂંટાયેલા તમામ ધારાસભ્યોને શુભેચ્છા અભિનંદન પણ પાઠવ્યા હતા. રાહુલ ગાંધીએ ચૂંટણીમાં કોંગ્રેસના પરિણામોની ભારોભાર પ્રશંસા કરી હતી.કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી સવારે ૯-૩૦ વાગ્યે આવી ગયા હતા અને સીધા સોમનાથ મહાદેવના દર્શન માટે પહોંચ્યા હતા.

સોમનાથ મહાદેવના દર્શન બાદ બપોરે રાહુલ ગાંધી અમદાવાદ આવ્યા હતા અને ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના આગેવાનો-નેતાઓ સાથે મુલાકાત કરી હતી. રાહુલ તેમની પાસેથી ચૂંટણીના પરિણામોને લઈ તેમની રજૂઆત, અભિપ્રાયો-મંતવ્યો અને સૂચનો જાણ્યા હતા. રાહુલે કેટલાક આગેવાનો સાથે તો વન ટુ વન ચર્ચા કરી તેમને શાંતિથી સાંભળ્યા હતા. સાંજે ૪-૩૦ વાગ્યાની આસપાસ રાહુલ ગાંધી કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓને ખાસ સંબોધન કર્યુ હતું. રાહુલ ગાંધી વિજેતા થયેલા કોંગ્રેસના ધારાસભ્યોને શુભેચ્છા-અભિનંદન પણ પાઠવ્યા હતા. ત્યારબાદ મોડી સાંજે દિલ્હી જવા રવાના થયા હતા.

## રાહુલ ગાંધીની ચેતવણી : પક્ષને વફાદાર નથી તેની સામે પગલાં લેવાશે

ગાંધીનગર,તા. ૨૩

કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ અમદાવાદના જીએમડીસી કન્વેન્શન સેન્ટરમાં ચિંતન બેઠક કર્યા પછી પ્રદેશ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોને સંબોધન કરતાં કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીની હારમાં પણ જીત છે. પણ જે લોકો કોંગ્રેસમાં હતાં, અને કોંગ્રેસને ચૂંટણી જીતવામાં મદદ નથી કરી તેમની સામે પગલાં લેવાશે, તેવી ચેતવણી ઉચ્ચારી હતી.રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ગુજરાતની જનતાએ ખૂબ પ્રેમ આપ્યો છે. ટિકિટની પણ સારી રીતે વહેચણી થઈ છે. કોંગ્રેસ પક્ષે ભાજપને સારી રીતે ઘેરી હતી. કેટલાક લોકો વાતો કરતાં હતાં કે કોંગ્રેસ હારી જવાની છે.. માંડ ૨૦ બેઠકો આવશે, પણ અમે મજબૂત રીતે જીત્યાં છીએ. પુરા દેશને અમે બતાવ્યું છે કે કોંગ્રેસ પાર્ટી જીતી શકે છે, પ્રેમ આપીને ઉભી પણ થઈ શકે છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ૯૦ ટકા લોકો કોંગ્રેસ સાથે રહીને ચૂંટણી લડ્યાં છે. ૫-૧૦ ટકા લોકો જ કોંગ્રેસથી દૂર રહ્યાં, આવા લોકો સામે કોંગ્રેસ પાર્ટી કાર્યવાહી કરશે. આપ ગમે તેટલા મોટા હોય પણ કોંગ્રેસ પક્ષથી મોટા નથી. ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરોએ જાન લગાવીને કામ કર્યું છે. તેમને સંગઠનમાં લઈશું. પણ જેણે કોંગ્રેસ વિરુદ્ધ કામ કર્યું છે, તેની સામે પ્યારથી કાર્યવાહી થશે.



## શહેરમાં સ્ત્રી સશક્તિકરણના પ્રતીકસમાન એક્ઝિબિશન કમ સેલ આરંભાયુ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલી સૌરાષ્ટ્ર પટેલવાડી ખાતે રેઈનબો ઈવેન્ટસ દ્વારા તા. ૨૩-૧૨-૧૭ અને ૨૪-૧૨-૧૭ એમ બે દિવસીય પ્રદર્શન તથા વેચાણનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં લગભગ પ્રથમ વખત આ પ્રકારની ઘટના બની છે, જેમાં ગૃહિણીઓને પોતાની કળા પ્રદર્શિત કરવા માટેની તક મળી. વીણા વોરા નિવૃત્ત શિક્ષિકા તથા તેમના મિત્ર ખુશ્બુ વોરા દ્વારા સમગ્ર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કુલ ૬૦ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા છે. જેમાં ગૃહિણીઓએ હાથથી બનાવેલી વસ્તુઓ, ઈમિટેશન જ્વેલરી, પેઈન્ટિંગ્સ તથા ખાદ્યપદાર્થોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લેડિઝવેર, વેસ્ટર્નવેર, આયુર્વેદિક પ્રોડકટસ, બોનસાઈ, સ્ટેશનરી, બ્યુટી પ્રોડકસ, ગીફ્ટ આર્ટિકલ્સનું વેચાણ રાખેલ છે.

પટેલવાડી ખાતે કેકની બનાવટ, નેઈલપેઈન્ટ આર્ટ, ટેરોકાર્ડ વાંચન, ઓઈલ થેરાપી, મહેંદી તથા કેલિગ્રાફીની કળાનું લાઈવ ડેમો પણ આપવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત બાળકોને પ્રિય એવા સાન્તાક્લોઝે બાળકોને ચોકલેટ આપીને તેમનું ભરપુર મનોરંજન કર્યુ હતુ. બપોર પછીના સમયમાં બાળકો માટે આર્ટ અને ક્રાફટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આર.કે. ટ્રાવેલ્સ તરફથી લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝૂંપડપટ્ટીમાં રહેતી ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતી હિના બારીયાને પણ અહીંયા સ્ટોલ ઉભો કરવાની તક મળી હતી. આ કાર્યક્રમમાંથી ઉપજતી આવકનો થોડોક હિસ્સો ચેરિટીમાં આપવામાં આવનાર છે. આઈ.પી.એસ. ઓફિસર સુધા આંચલિયા તથા ઈલા જોશી દ્વારા આ કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું અને જનતા સમક્ષ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાંથી અમુક હિસ્સો ચેરિટીમાં આપવામાં આવશે.

## ધારાસભ્ય કિરીટ પટેલને સોશિયલ મીડિયા પર માલધારી સમાજના લોકોએ ધમકી આપી

પાટણ,તા. ૨૩

ધારાસભ્ય કિરીટ પટેલને સોશિયલ મીડિયા પર માલધારી સમાજના લોકોએ ધમકી આપી છે. કિરીટ પટેલને સોશિયલ મીડિયા પર માલધારી સમાજના લોકો દ્વારા અપશબ્દો બોલવામાં આવ્યા છે. મહત્વનુ છે કે, પાટણમાં રખડતી ગાયોના ત્રાસથી લોકોને બચાવવા માટે કિરીટ પટેલે સભામાં દંડો લઈને નિકળવાની વાત કરી હતી. આ મામલે માલધારી સમાજના લોકોમાં રોષ જોવા મળ્યો છે.

ત્યારબાદ કિરીટ પટેલે ખુલાસો કરતા કહ્યુ કે, આ નિવેદન ગાયોને પાંજરામાં પુરવા માટે આપવામાં આવ્યુ હતું. કોઈ પણ સમાજના લોકોમાં આ નિવેદન આપવામાં આવ્યુ નથી. આ મામલે કિરીટ પટેલે ભાજપ પર આક્ષેપો કરતા કહ્યુ છે કે, ભાજપ દ્વારા ખોટી ઓડિયો ક્લીપ વાયરલ કરવામાં આવી છે. ભાજપ દ્વારા વર્ગ વિગ્રહ ફેલાવવાની કોશિશ કરવામાં આવી રહી છે.

આ વિવાદોને લઈ પાટણના ધારાસભ્ય ડો.કિરીટ પટેલે પોતાનું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, ઘણી બધી ગાયો જતી રહી છે અને થોડા આપડે કાચા પડયા નહિતો બધી ગાયો જવા માટે ભેગી જ હતી. પરંતુ વાંધો નહિ થોડી વ્યવસ્થા કરવામાં આવશે. આજથી બે-અઢી-ત્રણ વર્ષ પહેલા અહિંયા ભાજપની નગરપાલિકા હતી. ત્યારે અમે પોતે ગાયો પકડવા માટે નિકળતા હતા. ત્યારે અમારા પર ફરિયાદ પણ થઈ હતી. ફરીથી હવે અમે નક્કી કર્યુ છે કે, અમે કાલે કલેક્ટરને રજૂઆત કરીશું. માલધારીઓની ૨-૪ દિવસોમાં મિટિંગ રાખવામાં આવશે. તેમને સૂચના આપવામાં આવશે કે, તમે તમારી ગાયો રાખો છો તો રસ્તા પર ના છોડો. જો એ લોકો નહિ માને તો કોર્પોરેટરની સાથે હું પણ દંડો લઈને નિકળીશ. આપણે જાતે ગાયો પકડીને તેમની વ્યવસ્થા કરીશ.

### કંપની સમાચાર

### Maersk ટ્રેડ ફાયનાન્સે ભારતમાં ૧૦૦ ગ્રાહકોનું સિમાચિહ્ન વટાવ્યુ : આગામી વર્ષ સુધીમાં ૨૦૦ મિલિયન ડોલરની ફાયનાન્સનું લક્ષ્યાંક

ડેન્માર્ક સ્થિત એ પી મોલર **Maersk** નો એક ભાગ માર્સ્ક ટ્રેડ ફાયનાન્સ ભારતમાં અને વિશ્વમાં તેનાં ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય બજારોમાં શિપમેન્ટસ માટે નાણાં પૂરા પાડવાની અનોખી પદ્ધતિ અપનાવી રહી છે. વર્ષ ૨૦૧૬માં આરંભાયેલી **Maersk** ટ્રેડ ફાયનાન્સ ભારતમાં ગ્રાહકોને એક્સપોર્ટ ફાયનાન્સ સોલ્યુશન પૂરા પાડે છે. **Maersk** ટ્રેડ ફાયનાન્સે અત્યાર સુધીમાં વિવિધ સેકટરોમાં ૧૦૦ ગ્રાહકોને ફાયનાન્સ પુરૂ પાડ્યું છે અને આવતા ૧૨ માસ સુધીમાં ૨૦૦ મિલિયન ડોલરનું ધીરાણ ભારત સ્થિત વ્યાપારોમાં પુરૂ પાડવાનો ઈરાદો ધરાવે છે.

ડિજીટલ પ્લેટફોર્મ મારફતે ઓફર થતી **Maersk** ટ્રેડ ફાયનાન્સ સર્વિસ તે **Maersk** લાઈન શિપિંગ કસ્ટમર્સને ઉપલબ્ધ છે. આ સેવા ગ્રાહકો માટે વન શોપ સ્ટોપ પુરવાર થાય છે કે જે ગુડ્ઝના અને નાણાંનો પ્રવાહનું સંચાલન કરે છે. આ નાણાથી ગ્રાહકો શિપમેન્ટ માટેની ચુકવણી કરી શકે છે. **Maersk** લાઈનની કાર્ગો શિપિંગ સર્વિસીસ પણ લઈ શકે છે.

**Maersk**ના ગ્લોબલ હેડ, ટ્રેડ ફાયનાન્સ વિપુલ સરદાનાના જણાવ્યા અનુસાર, 'વૈશ્વિક વ્યાપારમાં ટ્રેડ ફાયનાન્સની સરળતાથી પ્રાપ્યતા અઘરી હોય છે. વર્તમાન સ્વરૂપમાં ટ્રેડ ફાયનાન્સ જટિલ, પેચીદા પેપરવર્કસવાળી પદ્ધતિ છે. આ ખાઈને **Maersk**નાં પ્રવર્તમાન સંબંધો પરથી સમજીને **Maersk** ગ્રાહકોને ફોરેન કરન્સીમાં પણ ફંડીંગ માટે સરળ પ્રાપ્યતા લિબોર રેટસ સાથે ઉપલબ્ધ બનાવવાનું નક્કી કર્યુ છે.

### લાલૂ દોષિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેજસ્વી યાદવ પણ ઉપસ્થિત હતા. ચુકાદો જાહેર કરવામાં આવ્યા બાદ લાલૂએ એક પછી એક ટ્વિટ કર્યા હતા. ૨૧ વર્ષ પહેલા બિહારમાં થયેલા આ કૌભાંડની ગૂંજ સમગ્ર દેશમાં જોવા મળી હતી. ઘાસચારા કૌભાંડમાં તત્કાલિન મુખ્યમંત્રી લાલૂ અને જગન્નાથ મિશ્રા ફસાઈ ગયા હતા. આજે ખાસ અદાલતે દેવઘરની સરકારી તિજોરીમાંથી ૮૪.૫૩ લાખ રૂપિયાની ગેરકાયદેરીતે ઉચાપતના મામલામાં લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા. આ કેસમાં દોષિત જાહેર થયા બાદ લાલૂને પોતાની સાંસદ તરીકેની છાપ ગુમાવવાની ફરજ પડી હતી અને એકરીતે રાજકીય વનવાસનો સામનો કરી રહ્યા છે. જાન્યુઆરી ૧૯૯૬માં આશરે ૯૫૦ કરોડ રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો તે વખતે તત્કાલીન અધિકારી અમિત ખરેએ પશુપાલન વિભાગની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. ત્યારે એવા દસ્તાવેજ મળ્યા હતા જેનાથી જાણવા મળ્યુ કે વર્ષ ૧૯૯૦માં એવી કંપનીઓને સરકારી ભંડોળથી ચારા પુરવઠાના નામ પર પૈસા જારી કરવામાં આવ્યા હતા. જે કંપનીઓ હતી જ નહી.

શુક્રવારના દિવસે લાલૂ યાદવે ભારપૂર્વક કહ્યું હતું કે, ઘાસચારા કૌભાંડમાં ચુકાદો આરજેડીને પ્રતિકુળ અસર કરશે નહીં. તેમના પુત્ર તેજસ્વી પ્રસાદ યાદવ અને તેજપ્રતાપ યાદવના નેતૃત્વમાં પાર્ટી આગળ વધશે. ચુકાદા પહેલા આજે તપાસ સંસ્થાઓએ કાર્યવાહી જારી રાખી હતી. ભરચક કોર્ટરુમમાં સીબીઆઈ જજ શિવપાલ સિંહે આ ચુકાદો જાહેર કર્યો હતો. ચુકાદો જાહેર કરવામાં આવ્યો ત્યારે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવામાં આવ્યા હતા.

### ૩૨ના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાલી રહી છે. લાલસોટ કોટા મેગા હાઈવે પર બનાસ નદી પર આ પુલ બનાવવામાં આવ્યુ હતુ. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે ખાનગી બસના ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવતા આ બનાવ બન્યો હતો. બસ બ્રિજની રેલિંગ તોડીને નીચે ખાબકી ગઈ હતી. ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સવાઈ માધોપોરના દુબીમાં આ બનાવ બન્યો હતો. જયુપરથી પણ રાહત અને બચાવ ટુકડી પહોંચી રહી છે. ટોપના સરકારી અધિકારી પહોંચી ગયા છે. ઈજાગ્રસ્તોની સંખ્યાને લઈને હજુ સુધી આંકડા જારી કરવામાં આવ્યા નથી. રાજસ્થાનના મુખ્યપ્રધાન વસુન્ધરા રાજેએ પણ બનાવને લઈને દુખ વ્યક્ત કર્યુ છે. મૃતકોના પરિવાર માટે ટુંક સમયમાં જ વળતરની જાહેરાત કરવામાં આવી શકે છે. અકસ્માતના કારણેને લઈને શોધખોળ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. મૃત્યુ પામેલા લોકો ક્યાંના હતા તે બાબત અને તેમની ઓળખ અંગે માહિતી મળી શકી નથી. મૃત્યુ પામેલા લોકોની ઓળખ હજુ થઈ નથી પરંતુ આ યાત્રીઓ ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને આસામના હોવાનું જાણવા મળ્યું છે. મૃતકોમાં બસ ડ્રાઈવરનો પણ સમાવેશ થાય છે. બસ નદીમાં ખાબકી ગયા બાદ ડુબી જવાના કારણે તમામના મોત થયા છે. તમામ યાત્રીઓ સવાઈમાધોપુરના માલનાદેવી વિસ્તારમાં મંદિરમાં દર્શન કરવા માટે જઈ રહ્યા હતા.

પ્રાથમિક અહેવાલ મુજબ બસના ડ્રાઈવરે વહેલી પરોઢે કાબુ ગુમાવી દેતા આ બનાવ બન્યો હતો. બચાવ કામગીરીમાં સ્થાનિક લોકો પણ પહોંચ્યા હતા. સ્થાનિક લોકો આસપાસથી દોડી આવ્યા હતા અને અધિકારીઓને મદદ કરવામાં જોડાયા હતા. નદી ઉપર બનેલા પુલની રેલિંગ તોડીને આ બસ નીચે પડી હતી. આશરે ૭ વાગે લાલશોટ તરફ જઈ રહેલી આ બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. મૃતકોની ઓળખવિધિ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

### ટીમ કામે લાગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે સેન્ટ્રલ વર્જ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બન્યુ હોવાનો આક્રોશ પ્રવર્તયો હતો. આ સ્થિતિને નિવારવા માટે ક્રોસ માર્ગ પાસે સેન્ટ્રલ વર્જમાં દોઢ મીટરના અંતરમાં પેવર બ્લોક કરવાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે સેન્ટ્રલ વર્જને માર્ગ સલામતીની દ્રષ્ટીએ યોગ્ય કરાયા બાદ હાલ વનતંત્ર દ્વારા સેન્ટ્રલ વર્જમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં નગરના ચ અને ઘ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં સફાઈ કરવામાં આવી રહી છે.

### પ્રકૃતિ દર્શન

● ૪ પાનાનું ચાલુ...

કાતિલ ઠંડી હવે ગાયબ છે. રોજ ખવાતી કુલેરનાં દર્શન હવે માંડ વરસમાં એક વખત શીતળા સાતમે થાય છે. સાસુમા વગર વહુઓને સુખી બનાવતાં આવડતું નથી. ચોખ્ખા ઘીની પીળી ઝાંય અદશ્ય છે. તલ સાંકળી અને કચરિયું ઘેર બનતાં તેણે હવે માર્કેટમાં ઘૂસ મારી દીધી છે. દરેકને પોતાનો શિયાળો હોય છે યાદ આવતો રહે છે. માગશરમાં માગાં થાય છે ને ઘડિયા લગન લેવાય છે. વરઘોડે ચડેલા વરરાજાનો ઘોડો સદા 'વીન' માં રહે અને સપ્તપદીથી સાત ફેરા ફરી સમર્પણ કર્યું તે 'નવોઢા'ના સાત ભવ સુધરી જાય એવી નવદંપતિને અને શિયાળો માણી જાણનારને તમામને ઢેર સારી શુભેચ્છાઓ સાથે આવજો. શિયાળો માણો.

*તીખું મરચું :*

'તમતમારે કામ હોય તો આપણને અર્ધી રાતે જગાડજો ને... એવું કહેનારા ધોળા દિવસે પણ કામમાં નથી આવતા.'

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

ગુજરાતે કહી શકાય કે મોદી પ્રત્યેની નિષ્ઠા ફરી એકવાર સાબિત કરી બતાવી અને સાથે સાથે અમુક સીટોને બાદ કરતા જાતિવાદને સદંતર જાકારો પણ આપ્યો. સુરત જેવા અનેકો પાટીદાર પ્રભુત્વ ધરાવતા પ્રદેશોમાં ભાજપની જીત એ વાતનો શુભ સંકેત છે કે પ્રજાએ 'વિકાસ' માં શ્રધ્ધા રાખી છે. તો સાથોસાથ અમુક જગ્યાએ ચાલેલા જ્ઞાતિવાદને બાદ કરતા 'નકામા', 'નિષ્ક્રિય' અને 'પેધી ગયેલા' ઉમેદવારોને ઘરભેગા કરી દીધા છે અને એમાં બંને પક્ષોના મહાનુભાવો સામેલ છે...!

તો સામે છેડે ગામડાઓએ કોંગ્રેસને જીતાડીને હવે પછીની ભાજપ સરકારને એ સ્પષ્ટ સંદેશો આપી દીધો છે વિકાસ ફક્ત શહેરો પુરતો મર્યાદિત ના રહેતા એના ફળ ગામડાઓને પણ મળવા જોઈએ. ભાજપ એમ કહેતું હોય કે ગામડા નારાઝ નહોતા તો એ સ્પષ્ટ જૂઠ છે, ક્યાંક ને ક્યાંક ગામડાઓ છેલ્લા ૩ વર્ષમાં વધુ એકલા પડી જતા હોય એવું લાગ્યું અને એમાયે ખાસ કરીને કિસાનો અને યુવાનોનો પ્રશ્ન વિકટ બનતો ગયો. હવે આવનારા દિવસોમાં એ જોવાનું રસપ્રદ રહેશે કે ભાજપ આ ચુકી ગયેલી સેન્ચ્યુરીમાંથી શું સબક શીખે છે તો સામે છેડે હાર્દિક આંદોલનને ક્યાં સુધી લઈ જઈ શકે છે કેમકે ધીમે ધીમે હાર્દિક એકલો પડતો જાય છે અને જીગ્નેશ અને અલ્પેશને હવે વિધાનસભ્ય તરીકે સાબિત થવું વધુ જરૂરી બની રહેશે. રહી વાત કોંગ્રેસની તો અંતરીક હુંસાતુસી અને ટાંટિયાખેંચમાંથી બહાર નીકળીને કોંગ્રેસ એક અસરકારક વિરોધપક્ષ તરીકે ટકી શકે તો ૨૦૨૨ માં કોઈ બાત બને..! એક મતદાતા તરીકે મને આ જનાદેશ ગમ્યો છે કેમકે લોકશાહીમાં કોઈ પણનો અહંકાર તોડવા મતદાન એ જ બેસ્ટ વેપન છે અને ગુજરાતના મતદારોએ સ્પષ્ટ સંદેશો આપી દીધો છે કે કામ નહિ કરો તો ગયા સમજજો...! હેટ્સ ઓફ ટુ વોટર્સ...!

- akurjt@gmail.com